# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૨ • તા. ૮ માર્ચ થી ૧૪ માર્ચ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.






## જ્ઞાતિજનોની વધતી જતી આશાઓ અને જરૂરતને પુરુ કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




HAPPY HOLI


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્વાર્થ વિહીન પ્રેમ સર્વોત્તમ સંબંધ છે

પ્રેમ નામનો ઉત્તમ ગુણ માણસ માત્રમાં રહેલો છે, કારણ કે આ દેહ પરમાત્માનું સર્જન છે અને આ પરમાત્માનું લક્ષણ પણ પ્રેમ છે. પ્રેમ એટલે પ્રભુની નજરમાં ભક્તિ આરાધના અને ઉપાસના. ભક્તિનો એક પ્રકાર પ્રેમલક્ષણા ભક્તિ છે. હૃદયના ભંડારમાં ભરેલો શુદ્ધ પ્રેમ માણસને શક્તિમાન બનાવે છે.

મૂળભૂત રીતે માણસ ખરાબ નથી એને સમય સંજોગ અને પરિસ્થિતિ નબળા કરે છે. લાલચી, સ્વાર્થી અને ઝેરીલા બનાવે છે. સાધુ સંતો માણસ માત્રમાં વિશ્વાસ રાખવાનું કહે છે. કારણ કે આ વિશ્વાસ આગળ જતાં સ્નેહમાં રૂપાંતરિત થાય છે. પ્રેમએ એવું અમૂલ્ય ઔષધ છે. જે ગમે તેવા નઠારા માનવીને પરમતત્વ પદે પહોંચાડે છે. આની શરૂઆત નાનકડા ઝરણાંથી શરૂ થાય છે. જે સમય જતાં આ વહેણ સરવાણી, સરિતાનું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે. જેમ બાળક જન્મે છે, વિકસે છે. સૌ પહેલાં માતા પિતાને ઓળખે છે. પણ જેમ જેમ એ દુનિયાના પરિચયમાં આવે છે. તેમ તેમ સંગતમાં રહી સૌનો ભરોસો મેળવી વિશ્વાસ પાત્ર બને છે. પ્રેમ પાત્ર બને છે. સારી સોબત અને શુદ્ધ વિચાર આચાર ધરાવતા પાત્રો સાથે રહીને તે ઉચ્ચાસન પાત્ર બને છે.

પશુ પક્ષીઓ અજાણ્યા હોય એટલે માનવીથી દૂર રહે છે. પણ તેની સાથે સ્નેહથી વર્તાવ કરવાથી તેનો વિશ્વાસ જીતવાથી ધીરે ધીરે ભરોસા પાત્ર થઈ નજીક આવતા જાય છે. આ પાલનભર્યો વર્તાવથી અબોલ જીવ પણ પ્રેમ નિરખીને પલોટાય છે. અને ઈન્સાનનું પાલતુ થઈ જાય છે. માણસના સહવાસનું, પ્રેમનું હેવાયું થઈ જાય છે. દૂધાળાં ઢોરને પાળવાનું શરૂઆત કરે ત્યારે શરૂઆતમાં થોડા ઘણા અંશે જીવદયાનો પશુ પ્રત્યે પ્રેમનો ભાવ હોય પણ, પછી અમૃત જેવું દૂધ મળતું થાય એ પછી લાલસા વધે કે હજુ અધિક દૂધ મળે તો કમાણી થાય. આ લાલસા જન્મે એટલે પાલતું પશુના બચ્ચાં એમાં ભાગ પડાવે એ ન ગમે. આમ જીવમાત્રમાં દેવતાનો વાસ છે. એ ભાવના લુપ્ત થતી જઈ સ્વાર્થની ભાવના ભરડો લે છે. આ ભાવ સર્વોપાત પતનનું કારણ બને છે.

માતા-પિતા નિઃસ્વાર્થ ભાવે બાળકને ઉછેરે છે, મોટો કરે છે અને કોઈ પણ પ્રકારની આંચ ન આવે એની ખેવના કરે છે. સંતાન શિક્ષિત થઈ સક્ષમ સમર્થ અને સજ્જન પ્રકૃતિનો બને એનો ભાવ રાખે છે. પણ એ જ સંતાન કમાતો થઈ પગભર થતાં માતા પિતાના બલિદાનને ભૂલી નગુણો બને છે. એ તો એમની ફરજ હતી જે એમણે નિભાવી એવો ભાવ રાખી એમની અવહેલના કરે છે. તેમની પ્રત્યે દુર્લક્ષ સેવે છે.

પ્રેમ કરવું સ્નેહ રાખવું માણસનું મૂળભૂત ગુણ છે. સ્વાર્થ, લાલચ જેવા તામસી અવગુણ સ્વભાવને વિકૃત અને ચરિત્રને અધમ કરે છે. ત્યારે નિઃસ્વાર્થ પ્રેમ માનવ મૂલ્યોને ઊંચાને ઊંચા લઈ જાય છે. સદ્‌ભાવ ભર્યા ગુણો શાશ્વત છે. વાતાવરણથી આવેલી વિકૃતિ કામ ચલાઉ હોય તો ઠીક છે. પણ કાયમી ન રહી જવી જોઈએ. સ્વાર્થ વિહીન સ્નેહ અને સંબંધ સારા ગુણોમાં સર્વોત્તમ છે.

– જય જ્ઞાતિમૈયા

# સંપત્તિ કે સંસ્કાર કોનું પલડું ભારી?

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજના આ ડિજિટલ યુગમાં બધી વસ્તુની કોપી થઈ શકે છે પણ, સંસ્કાર, વ્યવહાર અને ચરિત્ર તેમજ વર્તનની નહીં. સંપત્તિથી ધનિક બની શકાય છે. અઢળક પ્રકારની સાધન સામગ્રી, મશીનરી ખરીદી શકાય છે. પણ ભૌતિક સુખથી જીવન સંતોષમય બનાવવું શક્ય થતું નથી. સંપત્તિ એક પેઢીથી બીજી પેઢી સુધી જતી રહે છે. પરંતુ તેને કઈ રીતે સાચવી શકાય એ વ્યક્તિના સંસ્કાર અને આવડત પર નિર્ભર છે. જો કોઈ એક વ્યક્તિમાં સંસ્કાર અને આવડત હોય તો તે વારસો સચાવાઈ રહે છે.

વ્યક્તિ પાસે અઢળક સંપત્તિ હોય એની સમાજમાં આબરૂ ઈજ્જત ચોક્કસ હોવાની સમાજની સંસ્થાઓમાં સારૂ પદ પણ હોય પરંતુ આચાર-વિચાર અને વર્તન સંસ્કારહીન હોય એ શા કામનું? જીવનમાં વાદ-વિવાદ અને વિષાદ અતિ હોય તો એ વિવાદસ્પદ વાત થાય છે અને સામાજિક જીવનમાં આ વાત સન્માનીય નથી ગણાતી.

જીવનમાં સંપત્તિ અને સંસ્કાર બંન્નેનું પોતાનું આગવું મહત્વ છે. પરંતુ વ્યવહાર કાજમાં માણસનો વ્યવહાર એના સંસ્કાર પર નિર્ભર છે. સાચું એ છે કે સંસ્કાર કોઈપણ બજારમાં મળતા નથી કે કોઈ શાળા-કોલેજ કે યુનિવર્સિટીના કોર્સમાં શીખાવડતા નથી. સંપત્તિ આપણે કમાવી શકીએ છીએ તેમાં આપણી જ્ઞાન, સમજ અને શિક્ષણના ઉપયોગથી ઉતરોત્તર વધારો કરી શકીએ છીએ. પણ, સંસ્કાર તો આપણા પરિવાર ઘરના વડીલો દ્વારા મળે છે.

સંસ્કારથી જીવનના દોષોનું શુધ્ધિકરણ થાય છે. જે તન અને મનને શુધ્ધ કરે તે સંસ્કાર છે. આપણા પુરાણોમાં ૧૬ જાતના સંસ્કાર વર્ણવવામાં આવ્યા છે. જે તે વ્યક્તિની વર્તણુક-આચાર વિચાર, તમારા પ્રત્યેનો વ્યવહાર કેવો છે તે સંસ્કારનો પ્રભાવ દર્શાવે છે. સંસ્કારથી પરિવારની ઓળખ મળે છે. સંપત્તિ માણસના જીવનને આરામદાયક અને સુખદાયક બનાવે છે. જ્યારે સંસ્કાર માણસના જીવનને સફળ અને સાર્થક બનાવે છે. પણ આ બન્નેમાંથી કોને પ્રાધાન્ય આપવું એનો નિર્ણય દરેકની વિવેકબુધ્ધિને આધિન છે. આ બેમાંથી કોણ ચઢિયાતું એનો નિર્ણય કરવો મુશ્કેલી ભર્યો છે. આપણે મેળવેલ ડિગ્રીએ બીજું કાઈ નહીં એક કાગળનો ટુકડો માત્ર છે. પરંતુ તમારી સાચી કસોટી તમારા સંસ્કાર પરથી પરખાય છે.

કોઈનો શાંત, સરળ સ્વભાવ તેની કમજોરી નથી. કારણ કે માતા, પિતાના અને પરિવાર દ્વારા મળેલા સંસ્કારને લીધે ને સંયમિત અને શાંત, સરળ છે. કોઈના પહેરવેશ પરથી આપણે તેના સંસ્કારનું મૂલ્યાંકન ન કરવું જોઈએ. ઘણી વખતે અતિશિક્ષિત અને જીન્સ ટીશર્ટ પહેરેલી વહુ મનથી સાસુ-સસરાની સેવા કરતી જોવા મળે છે. માથે સાડીનો છેડોવાળીને સાસુ સસરા સાથે વિવેકપૂર્વક વાત અને વર્તાવ કરતા જોઈએ છે. સારા સંસ્કાર અને આદર્શ વર્તનથી જગત જીતી શકાય છે. અહંકારથી નહીં, સંઘર્ષ પિતાના જીવનમાંથી શીખવા મળે છે. જ્યારે સંસ્કાર માતાના જીવનમાંથી બાકી દુર્ગુણો બૂરાઈ બધું આ દુનિયા શીખવાડી દે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# સંજીવની કેસ નં.૧૭૫ માટે રૂા.૩.૦૮ લાખ જમા કરવાનો પડકાર ઝીલીએ




હુબલી-દલતુંગીના ૪૯ વર્ષીય સંજય જવેરચંદ લોડાયા માતા, પત્ની અને પુત્ર સાથે રહે છે. તેઓ માતા અને પત્નીના ટેકાથી ઘરેથી ટિફિન સેવા કેટરિંગનું કામ કરી જીવન નિર્વાહ ચલાવે છે. પુત્ર એમઝોનમાં ડિલેવરી પર્સન તરીકે જોબ કરે છે.

છાતીમાં તીવ્ર દુ:ખાવાને કારણે ઈર્મજન્સીમાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા. RCA માં એક સ્ટેન્ટ મૂકીને PTCA એન્જીઓપ્લાસ્ટી કરાવી. ઉપરાંત તેઓ પેટના ક્ષય રોગથી પણ પીડિત છે.

પરિવારની મેડિક્લેમ પોલીસ પૂરી થઈ ગઈ છે. નથી કોઈ બચત. આવી વિકટ પરિસ્થિતિમાં સારવાર માટે અંદાજિત ખર્ચ રૂા.૩ લાખ આઠ હજારનો અંદાજ અપાયો છે. જે માટે શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ સંજીવની યોજના અંતર્ગત મદદ મળી રહે એ માટે અરજી મૂકી છે. ફાઈલ અને જરૂરી પેપરોનો અભ્યાસ કર્યા પછી જરૂરી ભંડોળ મળે એ માટે ક્રાઉડ ફંડિગમાં આ કેસ મૂકાયો છે. જેને ઉદાર પ્રતિસાદ મળે એવી આશા રાખીએ.

આજ સુધીના દરેક કેસો સમયસર અને સહેલાઈપૂર્વક દાતાઓના સહકાર ભાવથી વેળાસર ઉકેલી શકાયા છે. એ જ પ્રમાણે સદર કેસનો વહેલી તકે નિવેડો થઈ જશે એવી આશા છે.

સંજયભાઈ લોડાયા પૂર્ણત સ્વસ્થ અને ક્ષેમ કુશળ રીતે સારવાર લઈ સ્વઘરે વહેલી તકે પાછા ઘર સુખરૂપ જાવ એવી ભાવના આપણે ધરાવીએ અને તેમને માટે મદદનો હાથ લંબાઈએ.

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# Anumodana

## Sanjivani Case - 171

**Name: Mrs. Gunvanti Navin Jiwani (Munvar)    Age : 58 yrs.    Village: Jakhau - Thane**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 30,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur- Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri Tekuladhu Jain Yuvak Sangh, Mumbai | 2,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. ( Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Gold Patron** | |
| Well Wisher | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher A Silent Donor | 1,31,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Gitaben Harish Lodaya, Sayra - Raipur | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Naliya - Vadodara | 2,501.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayra - Raichur | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Yogita Manish Dand, Amravati | 500.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |
| Shrimati Pratiksha Somchand Sand, Malkapur | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayra - Adipur | 500.00 |
| Well Wisher | 202.00 |
| Previous Case No. 160 Balance | 28,500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# દંતાણી તીર્થ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ શ્રી અનંતનાથ ટ્રસ્ટના આયોજનથી યાત્રા પ્રવાસનું સફળ આયોજન થયું









શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા અને મુંબઈ મહાજનશ્રીના પંચ વર્ષીય દાતાના અમૂલ્ય સહયોગથી શ્રી દંતાણી તીર્થ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અંદાજે ૩૫૦ થી વધુ યાત્રિકો સાથે યાત્રા પ્રવાસનું સફળ આયોજન થયું હતું.

સ્લીપર ક્લાસમાં ટિકિટો ઉપલબ્ધ ન હોવાથી થર્ડ એસી ક્લાસમાં ટિકિટો કઢાવી સર્વે યાત્રિકોનો સમાવેશ કરી શકાયો હતો. મુંબઈથી ટ્રેન દ્વારા આબુરોડ ઉતરી અને ત્યાંથી ટ્રેક્સ અને તુફાન ગાડીઓ દ્વારા દંતાણી તીર્થે રાત્રિ સમયે લગભગ ૧૯૩૦ કલાકે સૌ યાત્રિકો સુખરૂપ પહોંચ્યા હતા. સૌને ટેન્ટનું એલોમેન્ટ કરાયું.

બીજા દિવસે સવારે સૌએ નવકારશી કરી ત્યાંના વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક સહભાગ લીધો હતો. બપોરના સમયે કુંભારીયાજી તીર્થ અને અંબાજી ધામની મુલાકાત લઈ દર્શન વંદન પૂજા કરી સૌ સાંજે પરત દંતાણી પધાર્યા હતા અને ચોવિહાર ગ્રહણ કર્યો હતો.

તે પછીના દિવસે પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીમાં સર્વે ઉમંગભેર ભાગ લીધો હતો અને સાંજના ગચ્છાધિપતિશ્રી દ્વારા વિશેષ વ્યાખ્યાન કેડીઓ સંઘ માટે યોજાયું હતું. ત્યાં તેમના ટ્રસ્ટીઓ દ્વારા મુંબઈ મહાજનશ્રીના પદાધિકારીઓનું વિશેષ બહુમાન કરાયું હતું. આટલા બધા યાત્રિકો સાથેનો આ એક માત્ર સંઘ શ્રી કેડીઓ સંઘ હતો. જેથી ગચ્છાધિપતિ સહ અન્ય મુનિ ભગવંતો અને અન્ય પધારેલ સૌ પ્રતિષ્ઠિત આમંત્રિતોએ પણ કેડીઓના સંઘને હરખભેર વધાવી લીધો હતો.

શુક્રવાર, તા.૧૪ ફેબ્રુઆરીના સવારના ૫.૩૦ વાગ્યે બધા યાત્રિકો દ્વાર ઉદ્‌ઘાટન માટે તૈયાર થઈ ગયા હતા. બિપિનભાઈ ગાલા, યતિશ્રી મોતીસાગરજી મ.સા. અને અન્ય માનવંતા મહેમાનોના હસ્તે દ્વાર ઉદ્‌ઘાટન થયું હતું. જિનાલય મધે સામૂહિક ચૈત્ય વંદન બાદ સહુ નવકારશી કરી હતી. અઠમ તપના તપસ્વીઓને બહુમાન રૂપે ભેટ આપી અને ભેરૂતારક પાવાપુરી અને જીરાવલ્લા તીર્થના દર્શન કરી રાત્રે આબુરોડ સ્ટેશને પહોંચ્યા અને ત્યાંથી મુંબઈ માટે પરત ટ્રેન દ્વારા રવાના થયાં હતા.

સમગ્ર પ્રવાસ ખૂબજ ઉમંગભેર પૂર્ણ થયો હતો. યાત્રિકોએ સૌ ભાવપૂર્વક ધર્મ આરાધનાઓ કરી અને આનંદપૂર્વક પ્રવાસ માણ્યો હતો. શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા શ્રી મહાકાલી મા, શ્રી મહાલક્ષ્મી મા તથા શ્રી ચક્રેશ્વરી માતાજીની દેરીના લાભ રૂા.૨૧ લાખમાં અને ગુરૂમંદિરમાં રૂા.૧૦ લાખનો ફાળો લખાવવામાં આવ્યો હતો.

# દંતાણી તીર્થ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ શ્રી અનંતનાથ ટ્રસ્ટના આયોજનથી યાત્રા પ્રવાસનું સફળ આયોજન થયું









દંતાણી ટ્રસ્ટના ટ્રસ્ટી શૈલેષભાઈ દોલત-ધુલ્લા ઊંઝા એ કેડીઓ સંઘ માટે વ્યવસ્થાઓ કરાવવા માટે ભારે જહેમત લીધી હતી અને દંતાણી ઉતારા માટે જયેશભાઈ જૈન એ વિશે મહેનત કરી હતી.

યાત્રા પ્રવાસમાં જોડાયેલા યાત્રિકોના અસંખ્ય પ્રતિસાદ પત્રો, સંદેશાઓ મહાજનશ્રીને પ્રાપ્ત થયાં છે જેમાં અવિસ્મરણીય યાત્રા પ્રવાસ અતિ સુખદાયક, સગવડરૂપ અને અનુપમ રીતે યોજાયો તે માટે આયોજકોને માટે ધન્યવાદની લાગણી વ્યક્ત કરી હતી. દાતા પ્રત્યે પણ ઉદારભાવ સાથે લાગણીપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને અવિસ્મરણીય અને યાદગાર યાત્રા પ્રવાસમાં સહભાગી થવાનો મોકો મળ્યો તે બદલે ધન્યતા અનુભવી હોવાનો ભાવ પત્રોમાં વ્યક્ત કર્યો હતો.



# Anumodana

## Sanjivani Case - 172

**Name: Mr. Paresh Lakhamshi Khona    Age : 44 yrs.    Village: Varadiya - Dombivali**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 25,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree Vadadiya Jain Derasar Sadharan and Mahajan Trust Fund | 20,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Vadodara | 2,500.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivali | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmednagar | 1,000.00 |
| **Gold Patron** | |
| Well Wisher | 1,000.00 |
| **Silver Patron** | |
| Well Wisher / Silent Donor | 2,500.00 |
| **Individual Donors** | |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust | 5,000.00 |
| Shri Yash Dhirish Dharamshi (H: Yogitaben D. Dharamshi), Kothra - Bijapur | 5,000.00 |
| Shrimati Hema Gulab Chheda, Bangalore | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shri Deepak Gangajar Shah (Dagha), Varadiya - Mulund | 5,000.00 |
| Shri Karan Girish Meisheri | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shrimati Sarla Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 3,000.00 |
| Shri Karan Girish Meisheri | 2,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayra - Raipur | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayra - Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Yogita Manish Dand, Amravati | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dnad, Varadiya - Malkapur | 500.00 |
| Shri Amit Jethalal Khona,Dombivli | 500.00 |
| Mrs. Jagruti P. Shah | 500.00 |
| Well Wisher | 202.00 |
| Previous Case No. 166 Balance | 15,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

॥ શ્રી ચંદ્રપ્રભ દેવાય નમ : ॥

જન સેવા એજ પ્રભુ સેવા

અતિથિ દેવો ભવઃ

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન (નલિયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

સ્થાપિત અને સંચાલિત

# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન

મુખ્ય કાર્યાલય: શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથીભવન, મોતા ફળિયા, જૈન દેરાસરની બાજુમાં, નલિયા - કચ્છ, તાલુકા અબડાસા-૩૭૦૬૫૫.
સંપર્ક : ૦૨૮૩૧-૨૨૨૨૧૫ / ૯૯૦૯૭ ૨૯૪૫૧
મુંબઇ કાર્યાલય: C/O. શ્રી વિજયભાઇ વી. ખોના, ૧૦૯ અનુરાગ બિઝનેસ સેન્ટર, પહેલે માળે, ઘાટલા રોડ, ચેમ્બુર (પૂર્વ) મુંબઇ - ૪૦૦ ૦૭૧.
Contact : 9821027874 ▪ E-mail : kdonaliyatrust@gmail.com

25
રજત જયંતિ વર્ષોત્સવ

નલીયા ગામના સુજ્ઞ ગામવાસીઓ, નિયાણી બહેનો
તથા સમસ્ત શ્રી જ્ઞાતિજનો...

અતિથિભવનના નૂતનીકરણ સાથે વિસ્તારનો શુભારંભ
૧૫ અત્યાધૂનિક રૂમોની નવી વિંગ, નૂતન ઉપહાર ગૃહ
અને જુની-નવી વિંગને જોડતી લિફ્ટના ભૂમિપૂજન પ્રસંગે

# નેહભર્યુ નિમંત્રણ

સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૫
શનિવાર **૧૭ મે** ૨૦૨૫
ના શુભ મુહૂર્તે



ડો. ગૌતમ શાસ્ત્રીજી દ્વારા
શાસ્ત્રોક્ત વિધિ વિધાન
સાથે કરવામાં આવશે.

આપણા નલિયા ગામની ખ્યાતિ ચારે તરફ ફેલાઇ રહી છે. નલિયાનો નવતર વિકાસ થઇ રહ્યો છે
પરસ્પરના સંબંધની સુગંધી મહેંક માણવાનો આ પરિમલ પ્રસંગ છે,
સમાજસેવાના ઉપવનમાં ભીજાવાનો આ અવસર છે.
તેના સાક્ષી બનવાનો આવો મહામૂલો અવસર આપણા જીવનકાળમાં ફરી નહી આવે...
આપ સૌને સહપરિવાર આ શુભ પ્રસંગે પધારવાનું હાર્દિક આમંત્રણ છે....

**આ શુભ પ્રસંગે બપોરે ૧૨.૩૦ કલાકે રાખેલ સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.**

આ શુભપ્રસંગે પધારનાર દાતા પરિવારો તથા આમંત્રિત મહેમાનોને
નમ્ર વિંનતી કે આપના આગમનની જાણ વહેલાસર કરશોજી
જેથી આપની સગવડતા કરવા માટે સુગમતા રહે.

લિ. ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના
જયજિનેન્દ્ર

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા શુભેચ્છક દાતાના સહયોગથી દિવ્યાંગજનો અને તેમના વાલીઓ માટે ત્રિદિવસીય પિકનિકનું આયોજન




શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિના ઉપક્રમે શુભેચ્છક દાતા માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર રાપર ગઢવારી-મુંબઈના આત્મીય સહયોગથી તા.૧૦ માર્ચ સોમવારથી તા.૧૨ માર્ચ બુધવાર સુધી મહાબળેશ્વર પંચગીની તથા પુના-કાત્રજની દિવ્યાંગજનો તથા વાલીઓ માટે આનંદમય અને પ્રેરણાદાયી પિકનિકનું આયોજન કરાયું છે.

આપસમાં પરિચય વિકસે, પ્રેમ, આનંદ અને આત્મવિશ્વાસ વધે. એ પ્રયોજન આ યાત્રા પ્રવાસનો છે. આ પિકનિક માત્ર મજા માટે જ નથી પણ કંઈકને કંઈક અધૂરપ સાથે જીવતા જ્ઞાતિ ભાઈ બહેનો જીવન પ્રત્યે આશા અને ઉત્સાહ જગાવવાની તક નવજીવનની સફર હાસ્ય, રમતો રમી અને મીઠી પળોની યાદોના સંભારણાથી તરબતર થાય અને દિવ્યાંગજનોના સપનાઓને નવારંગ મળે એવો પ્રયોજન આ પિકનિકનો છે.

# Anumodana

**Sanjivani Case - 173**

**Name: Mr. Vasant Raichand Mota** | **Age : 60 yrs.** | **Village: Lala - Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 30,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur- Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 4,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 4,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 4,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Lala Chandraprabhu Jain Derasar and Sadharan Trust | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Vadodara | 2,500.00 |
| Shri Masjidbunder KDO Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmednagar | 1,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. ( Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwar ) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore (H: Rahul & Aarti, Sandeep & Deborah) | 2,000.00 |
| Master Vihaan Pratik Dand (H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai) | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Tekuladhu Jain Yuvak Sangh, Mumbai | 2,000.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 1,500.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 1,500.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 1,500.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 1,500.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 1,500.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 1,500.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 1,500.00 |

| | |
|---|---|
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 1,500.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 1,500.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 1,500.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 1,500.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 1,500.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 1,500.00 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 1,500.00 |
| Matushri Valbai Bharmal Nagda, Shrimati Ratanbai Laxmichand Momaya (H:Shrimati Reema Ramesh Nagda,(Rapar-Masjid) | 1,500.00 |
| Shri Laxmichand B. Nagada,Shri Sojpar Shivraj Dhulla and Shri Champshi Bharmal Nagda (H: Shrimati Reema Ramesh Nagda,(Rapar-Masjid) | 1,500.00 |
| Matushri Mithibai Laxmichand Nagda, Matushri Hirbai Champshi Nagda, (H: Shrimati Reema Ramesh Nagda,(Rapar-Masjid) | 1,500.00 |
| Shri Dilip Laxmichand Nagda, Shri Manish Manikant Lodaya and Usma Khushal Momaya (H: Shrimati Reema Ramesh Nagda,(Rapar-Masjid) | 1,500.00 |
| Shri Manikant Chatrabhoj Lodaya,Shri Tilak Hansraj Momaya,Shri Khushal Dhanji Momaya(H: Shrimati Reema Ramesh Nagda,(Rapar-Masjid) | 1,500.00 |
| Well Wisher | 1,000.00 |
| **Silver Patron** | |
| Well Wisher / Silent Donor | 2,500.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,100.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,000.00 |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Matushri Laxmibai Champshi Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |
| Shri Kutchi Dasa Oswal Jain Mahajan - Tera | 1,000.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,000.00 |
| **Individual Donors** | |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Well Wisher... A Silent Donor | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust | 5,000.00 |
| Patronics Eboards Pvt. Ltd., (Shri Dnyanesh Chimanlal Daga) Varadiya - Pune | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shri Karan Girish Meisheri | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Sarla Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Shri Javerbhai Mulji Lalka, Lala - Ahmedbad | 2,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayra - Raipur | 2,000.00 |
| Shri Nilesh Karamsey Vikamsey, Sion | 2,000.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shrimati Aaditi Girish Dhulla | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri RajendraKumar Umarshi Desai(Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Monil Khushal Mota | 500.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |
| Previous Case No. 168 Balance | 43,300.00 |
| Previous Case No. 170 Balance | 9,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# કેરલા રાજ્યના બડગરા સંઘના જિનાલયનો ૨૭મો ધ્વજા મહોત્સવ નિમિત્તે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ







તા.૩ માર્ચ સોમવારના રોજે કેરલા રાજ્યના બડગરા સંઘમાં જિનાલયનો ૨૭મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે ૧૮ અભિષેકનું આયોજન વિધિકાર ભરતભાઈ બોરીચાના સથવારે ધર્મભાવ સાથે ભવ્યતાથી કરાઈ હતી.







## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના આગામી કાર્યક્રમો

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના આગામી કાર્યક્રમોમાં તા.૬ એપ્રિલના શ્રી ઘણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડી તથા તા.૧૪ મે રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયનો ૨૫મો ધ્વજામહોત્સવ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી માર્ચથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૯ માર્ચ ૨૦૨૫ | સ્વ. હરીશભાઇ જયંતીલાલ લધાભાઈ મોમાયા (વાસી- બેંગ્લોર)ની પુણ્ય સ્મૃતિમાં પરીવાર તરફથી નવ નિર્મિત કચ્છ વરાડીયા બસ સ્ટેશનનું લોકાર્પણ. |
| તા. ૦૯ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત કેડીઓ કલા કુંભ કાર્યક્રમ |
| તા. ૧૦ માર્ચ ૨૦૨૫ | વરાડીયામાં શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન મહાજનનું નિર્માણાધીન નુતન અતિથિ ગૃહનું ભુમિ પુજન. |
| તા. ૧૦ થી ૧૨ માર્ચ ૨૦૨૫ | શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના દિવ્યાંગ વિભાગભ દ્વારા દિવ્યાંગો માટે પર્યટન : કાત્રજ, પંચગની તથા મહાબળેશ્વર. |
| તા. ૧૨ માર્ચ ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા આયોજીત ફાગણ સુદ તેરસ (૧૩) છ (૬) ગાઉ યાત્રા :શાહપુર માનસ મંદિર. |
| તા. ૧૪ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી-નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ સહ આયોજિત વિશિષ્ટ રીતે ધુળેટી પર્વ ઉજવણી: કાસા બ્લેન્કા, લામ રોડ, દેવલાલી. |
| તા. ૧૭ થી ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મીડ ટાઉન જૈન સંઘ આયોજિત ઉત્તર પ્રદેશના જૈન તીર્થોનો લકઝરી યાત્રા પ્રવાસ |
| તા. ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી : આર. આર. સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૨૬ થી ૨૭ માર્ચ ૨૦૨૫ | પરબ શક્તિ સંજીવની સોસાયટી આયોજિત અનાજ, મસાલા, ખાદ્ય તથા ઉપયોગી ઘરગથ્થુ ચીજવસ્તુઓનું હોલસેલ ભાવે વેચાણ. પરમ કેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ. |
| તા. ૨૮ માર્ચ ૨૦૨૫ | શ્રી કે.ડી.ઓ. મીડ ટાઉન જૈન સંઘ આયોજિત મસાલા વિતરણ ઓર્ડર માટે અંતિમ દિવસ. |
| તા. ૩૦ માર્ચ ૨૦૨૫ | કોઠારામા બિરાજમાન મૈશેરી કુળદેવી શ્રી ચામુંડા માતાજીને નમતા ભાવિકોની ૧૫મી સમુહ પહેડી: સવારે ૯.૦૦ ક. થી : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રવીણભાઈ લાલકા**
તા.૨ ફેબ્રુઆરી (ઉ.૭૬)
વારાપધર-મુલુંડ



**વિપુલભાઈ દંડ**
તા.૨ ફેબ્રુઆરી (ઉ.૫૦)
વરાડીયા-મલકાપુર




**હરીશભાઈ ચુરલા**
તા.૩ ફેબ્રુઆરી (ઉ.૬૦)
સાંધાણ-અંતરજાળ



**રામસંગ જાડેજા**
તા. ૩ ફેબ્રુઆરી (ઉ.૭૪)
જામનગર
મા.વેજબાઈ ભાણજી હીરજી,
સેવક ભરૂડીયા ના જમાઈ



**વંસતભાઈ મોતા**
તા.૪ ફેબ્રુઆરી (ઉ.૬૧)
લાલા-ડોંબિવલી



**લલિતભાઈ મૈશેરી**
તા.૪ ફેબ્રુઆરી (ઉ.૬૧)
જખૌ-ડોંબિવલી



**રમીલાબેન લોડાયા**
તા.૬ ફેબ્રુઆરી (ઉ.૮૬)
કોઠારા-મુલુંડ



**કસ્તુરીબાઈ લોડાયા**
તા.૬ ફેબ્રુઆરી (ઉ.૮૭)
નલિયા-કોચીન



**લક્ષ્મીબાઈ ડાઘા**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૭૬)
વરાડીયા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● સમાજના ઉત્થાન માટે કામ કરનારા નાયકોને નવા વર્ષે બ્રિટનના કિંગ સમ્રાટ ચાર્લ્સ તૃતીયએ ૧૨૦૦ થી વધુ વ્યક્તિઓની નામ યાદીમાં ૩૦ થી વધુ ભારતવંશીઓનો સમાવેશ છે. આ યાદીમાં કચ્છના ચાંદની કલ્પેશ વોરાને મેમ્બર ઓફ બ્રિટન એમ્પાયરનું સન્માન અપાશે. બ્રિટનમાં હિન્દુ કાઉન્સિલ ઓફ યુકેના અગ્રણી શશિકાંત વેકરિયાની વાસક્રોફેટ કંપનીમાં ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા અને જુદી જુદી ચેરિટી સંસ્થાઓ સાથે સંકળાઈને સમાજ ઉત્થાનનું કાર્ય કરતાં ચાંદની વોરાએ પરિવાર, માર્ગદર્શકો તથા સાથીદારોના સહકારથી આ શક્ય બન્યું હોવાનું કહ્યું હતું.

● કચ્છના પ્રવાસન વિકાસમાં ધોરડો-ધોળાવીરા પછી જે અગ્ર હરોળમાં આવે છે એ માંડવી બીચ અને આસપાસના પ્રવાસન સ્થળોના વિકાસ માટેનો તખતો આ વર્ષમાં વધુ વેગવાન બની શકે છે. માંડવીના વિન્ડફાર્મ બીચ પરનું ભારણ ઘટાડવા માટે ચાર નવા બીચની ભેટ મળી શકે છે. વિન્ડફાર્મ બીચ પર પ્રવાસીઓને વેઠવી પડતી અગવડતાને ધ્યાને લઈ રાવળપીર, કાશી વિશ્વનાથ શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક ક્રાંતિતીર્થ સામે તેમજ આશાર માતા પાસે બીચ ટૂરિઝમ વિકાસ પામે તે માટેના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાવળપીરમાં દીવાદાંડી પ્રવાસીઓના વિકાસ માટેનું આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

● એરપોર્ટને આંટી મારે તેવા ભારત અમૃત યોજના અંતર્ગત ૧૭૧ કરોડના ખર્ચે આધુનિક સુવિધાથી સજ્જ ભુજના નવા રેલવે મથકના નૂતનીકરણની કામગીરી ધમધોકાર ચાલી રહી છે. આમ તો જાન્યુ ૨૦૨૫ના અંત સુધી આ કામ સંપન્ન થઈ જશે તેવી વિગતો કામ શરૂ થયું ત્યારે નિર્ધારિત થઈ હતી. પરંતુ હજુ સુધી ૫૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ફિનિશિંગ કક્ષાની કામગીરી સાથે વધુ છ મહિનાની મુદત મંગાઈ છે એટલે ઓક્ટોબર સુધી આ લક્ઝરિયસ રેલવે મથક કાર્યાન્વિત થાય એવી અપેક્ષા સેવાઈ રહી છે. જૂના રેલવે મથક કરતાં ૧૨ થી ૧૩ ગણું આધુનિક સગવડોથી સજ્જ ૧૨૩૫૬ સ્કેવેર મીટરના નવા ગ્રીન બિલ્ડિંગનું નિર્માણ પૂરજોશમાં શરૂ છે.

● રાજ્ય સરકાર દ્વારા વહીવટી સરળતા માટે ગત અંદાજપત્રમાં ગાંધીધામને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરાયા બાદ નવા વર્ષના પ્રારંભે ગાંધીધામ મહાનગરપાલિકા તરીકેની મંજૂરી રાજ્ય સરકાર દ્વારા અપાઈ હતી અને જિલ્લા કલેક્ટરને વહીવટદાર તરીકેની જવાબદારી સંભાળવા માટે સૂચના અપાઈ તથા નવી ગાંધીધામ મહાનગરપાલિકામાં ગાંધીધામ-આદિપુર શહેર ઉપરાંત ગાંધીધામ તાલુકાના ગામો ગળપાદર, કિડાણા, અંતરજાળ, શિણાય અને અંજાર તાલુકાના મેઘપર બોરીચી અને મેઘપર કુંભારડી સહિતના ગામો વિસ્તારો સમાવિષ્ટ કરવાની અમલવારીની જાહેરાત થઈ હતી. ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ કમિશનર તરીકે કચ્છના અધિક કલેક્ટર જિતેશ પંડ્યાને તેમજ જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈને ડેપ્યુટી કમિશનર તરીકે વરણી કરાઈ હતી.

● મૂળ કચ્છ માંડવી તાલુકાના રામપરના અને કેન્ટન હેરો સ્વામિનારાયણ મંદિરના પૂર્વ પ્રમુખ કાનજી મનજી કેરાઈના પુત્રી સંગીતાબેને બીએ પૂર્ણ કર્યા બાદ લૉની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. સરલીના વિરલ હરીશ રાબડિયા સાથે લગ્ન બાદ ધગશથી કારકિર્દીની જમાવટ કરી ૧૨ વર્ષનો વકીલાત ક્ષેત્રે અનુભવ મેળવ્યો. હાલે કેન્ટનમાં ખાનગી પ્રેક્ટિસની ઓફિસ છે. બ્રિટનના કિંગ ચાર્લ્સ ત્રીજાએ સંગીતા વિરલ રાબડિયાને લંડનની કોર્ટમાં જજ તરીકે નિયુક્તિનો નિમણૂક પત્ર આપ્યો હતો. હવે વર્ષમાં ઓછામાં ઓછા ૬૦ કેસના નિર્ણય તેમને આપવા પડશે. સિવિલ પ્રકારના કેસોમાં મિલકત, નાણાં, ટેક્સ સંબંધી મામલાના કેસોના જજમેન્ટ આપવા પડશે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA